# ઈન્ટરવલ

દર્શના વિસરીયા
કવર સ્ટોરી
feedback@bombaysamachar.com



## કોરોનાની સાઈડ ઈફેક્ટ

# બાળકોના અક્ષર બગડી ગયા છે

### આવું અમે નથી કહી રહ્યા, પણ નોર્વે અને ભારતમાં કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે, એટલું જ નહીં ઓનલાઈન સ્કૂલિંગને કારણે ૭૫ ટકા બાળકોના અક્ષર બગડી ગયા તો ૬૫ ટકા બાળકો લખવાનું જ ભૂલી ગયાં છે!

પહેલી ડિસેમ્બરથી રાજ્યભરમાં મહિનાઓથી સૂની પડેલી શાળાઓના ક્લાસરૂમ્સ બાળકોની ચહેલપહેલથી જીવંત થઈ ઊઠ્યા. દસ વર્ષનો આરવ પણ ઉત્સાહથી પહેલા દિવસે શાળાએ ગયો અને બપોરે જ્યારે તે ઘરે પાછો ફર્યો ત્યારે મમ્મી આરુષીએ પોસ્ટ કોવિડ સ્કૂલિંગ એક્સપીરિયન્સ વિશે પૂછ્યું અને દીકરાની નોટ્સ ચેક કરી ત્યારે તેની આંખો આશ્ચર્યથી પહોળી રહી ગઈ, કારણ કે નોટ્સમાં આરવે જે કંઈ લખ્યું હતું એ જાણે તેના હેન્ડરાઈટિંગ જ નહોતા એવું લાગ્યું આરુષીને. મોતીના દાણા જેવા અક્ષરે નોટ્સ બનાવતા આરવના હેન્ડરાઈટિંગને શું થઈ ગયું એ તેને સમજાયું નહીં અને જ્યારે આરવને તેના ખરાબ હેન્ડરાઈટિંગનું કારણ પૂછ્યું ત્યારે તેની પાસે પણ કોઈ જવાબ નહોતો...

અહીં વાત એકલાં આરવ-આરુષીની નથી, ઘણા પેરેન્ટ્સ હશે કે જેઓ પોતાનાં સંતાનોના આ અચાનક બગડી ગયેલા હેન્ડરાઈટિંગનું કારણ નહીં સમજી શક્યા હોય કે પછી હજી આ સમસ્યા તેમના ધ્યાનમાં આવી પણ નહીં હોય. છેલ્લા દોઢેક વર્ષથી કોરોના મહામારીને કારણે ઉદ્યોગધંધા બધું જ ઠપ થઈ ગયું હતું અને હવે કોરોનાનું જોર ઘટતાં બધું બેક ટુ નોર્મલ થઈ રહ્યું છે. ઉદ્યોગધંધા ફરી શરૂ થઈ રહ્યા છે, લાઈફ ટ્રેક પર પાછી ફરી રહી છે અને હવે છેલ્લા તબક્કામાં શાળાઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. મહિનાઓ સુધી ઓનલાઈન સ્કૂલિંગ પછી ઓફલાઈન શાળાએ જવા માટે બાળકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ઓનલાઈન સ્કૂલિંગને કારણે બાળકોનું ભણતર તો ન બગડ્યું, પણ તેમના હેન્ડરાઈટિંગ ચોક્કસ જ બગડી ગયા છે અને આ વાત અમે નહીં હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળી છે. આ સર્વેમાં એવું પણ જાણવા મળ્યું હતું કે લખીને પ્રેક્ટિસ કરવાથી હેન્ડરાઈટિંગ સુધરે છે અને તેની સાથે સાથે જ સ્મરણશક્તિ પણ સુધરે છે. આ જ કારણ છે કે શાળામાં અને પ્રાઈવેટ કોચિંગમાં ટીચર્સ સ્ટુડન્ટ્સને નોટ્સ બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે, જેથી તેમને ક્લાસરૂમમાં જે કંઈ પણ ભણાવવામાં આવ્યું છે તે બધું યાદ રહે, પરંતુ કોરોનાકાળમાં શરૂ થયેલી આ ડિજિટલ સ્ટડીઝે બાળકોની સ્મરણશક્તિ પર તો વિપરીત અસર કરી જ છે, પણ તેની સાથે સાથે બાળકોના હેન્ડરાઈટિંગ પર પણ તેની વિપરીત અસર જોવા મળી રહી છે.

નોર્વેમાં હાથ ધરવામાં આવેલા આ અનોખા અધ્યયનમાં એવું પણ જાણવા મળ્યું હતું કે જ્યારે આપણે કાગળ પર પેન-પેન્સિલથી કંઈ પણ લખીએ છીએ ત્યારે મગજમાં અલગ અલગ પ્રકારના તરંગો ઊઠવા લાગે છે કે એક્ટિવ થવા લાગે છે. લખેલા શબ્દોને જોવા અને તેના અવાજને સાંભળવા માટે મગજના અલગ અલગ ભાગો એકબીજા સાથે કનેક્ટ થાય છે અને મગજ એ ઘટનાક્રમને યાદ રાખવા માટે તૈયાર થાય છે. આ જ કારણ છે કે નિષ્ણાતોનું એવું માનવું છે કે આ ઓનલાઈન કે ડિજિટલ લર્નિંગની સાથે સાથે ઘરે પણ બાળકોને હેન્ડરાઈટિંગની પ્રેક્ટિસ કરાવવી જરૂરી છે.

નોર્વેની સાથે સાથે જ ભારતમાં હમણાં થોડાક સમય પહેલાં કેટલાંક રાજ્યમાં એનસીઈઆરટી દ્વારા હાથ ધરવામાં આવેલા એક બીજા સર્વેમાં એવું કહેવામાં આવ્યું છે કે બાળકો ઓનલાઈન સ્કૂલિંગને કારણે લખવાનું ભૂલી ગયા છે. શિક્ષકોનું એવું માનવું છે કે ઘણાં બાળકોને લખવાનો કંટાળો આવે છે એટલે તેઓ હેન્ડરાઈટિંગ ખરાબ કાઢે છે, પરંતુ કોરોના પછી તો વિદ્યાર્થીઓના હેન્ડરાઈટિંગમાં વધારે ખરાબ થઈ રહી છે. અધ્યયનમાં સામે આવેલા આંકડાઓની વાત કરીએ તો લગભગ ૭૫ ટકા બાળકોના હેન્ડરાઈટિંગ ઓનલાઈન સ્કૂલિંગ પછી ખરાબ થઈ ગયા છે, ત્યારે ૬૫ ટકા બાળકો લખવાનું ભૂલી જ ગયા છે.

માર્ચ, ૨૦૨૦થી ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધી કરવામાં આવેલા આ સર્વેમાં સરકારી તેમ જ પ્રાઈવેટ સ્કૂલ્સના ચોથા ધોરણથી લઈને દસમા ધોરણ સુધીનાં દસ હજાર બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તેમાં એવું જાણવા મળ્યું કે ઓનલાઈન ક્લાસમાં બાળકોનું ધ્યાન શિક્ષકની વાતો સાંભળવા પર હોય છે એટલે તેઓ નોટ્સ નથી બનાવતા. જ્યારથી કોરોનાને કારણે શાળા બંધ કરવામાં આવી છે ત્યારથી બાળકો ભણતર પ્રત્યે લાપરવા બની ગયા હોવાનું વધુમાં જાણવા મળ્યું હતું. લખવાની આદત છૂટી જવાને કારણે હવે પરિણામ એ આવ્યું છે કે બે-ત્રણ લાઈન્સ લખ્યા પછી અનેક વિદ્યાર્થીઓ હાથ દુખી રહ્યા હોવાની ફરિયાદ કરી રહ્યા છે. બાળકો જ નહીં, પણ તેમનાં માતા-પિતા પણ એ વાત સ્વીકારી રહ્યાં છે કે સંતાનો પાસેથી નોટબુક્સમાં લખાવવાનું અઘરું થઈ રહ્યું છે.

મુંબઈમાં રહેતી મનીષા પોતાના અનુભવ વિશે વાત કરતાં જણાવે છે કે ‘મારો દીકરો ત્રીજા ધોરણમાં ભણે છે અને જ્યારે પણ હું તેને લખવાની પ્રેક્ટિસ કરાવું છું ત્યારે તે માંડ માંડ ત્રણ-ચાર લાઈન્સ લખીને જ થાકી ગયાની ફરિયાદ કરે છે અને પેન નીચે મૂકી દે છે. સમજાતું જ નથી કઈ રીતે તેની પાસેથી લખાવું.’

ખેર આ તો થઈ વાત બાળકોનાં માતા-પિતાની. શિક્ષકોના અનુભવ વિશે પણ વાત કરીએ તો એક પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં આનંદી જણાવે છે કે ‘જ્યારે હું સ્કૂલમાં હતી ત્યારે કર્સિવ રાઈટિંગ માટે પ્રેક્ટિસ કરાવવામાં આવતી હતી, પરંતુ આજે તો કોમ્પ્યુટર, મોબાઈલ, લેપટોપ, આઈપેડ જેવાં ડિજિટલ ગેજેટ્સ પર જ ટાઈપિંગનું કામ થઈ જાય છે તો એવામાં બાળકોની વાત છોડી જ દઈએ, કારણ કે શિક્ષકો ખુદ લખવાનું ભૂલી ગયા છે. હવે જ્યારે શાળા ફરી શરૂ થઈ ગઈ છે ત્યારે બાળકોને ફરી જૂના ઢાંચામાં ઢાળવાનો અઘરો ટાસ્ક માતા-પિતાની સાથે સાથે જ શિક્ષકો માટે પણ છે એ વાત તો ચોક્કસ છે.’

### શું કહે છે સાઈકોલોજિસ્ટ આ વિશે...

આ સમસ્યાનો ઉકેલ કઈ રીતે લાવવો એ સવાલ થાય એ સ્વાભાવિક છે તો આ વિશે મુંબઈમાં સાઈકોલોજિકલ સર્વિસીઝ ચલાવી રહેલા એક સાઈકોલોજિસ્ટ જણાવે છે કે ‘બાળકોના હેન્ડરાઈટિંગ સુધારવા માટે શિક્ષકોએ રાઈટિંગ સાથે જોડાયેલાં એસાઈન્મેન્ટ્સ આપવાં જોઈએ અને ક્લાસરૂમમાં પણ ડિક્ટેશન કરાવવું જોઈએ. આ સિવાય બાળકો માટે સ્કૂલ્સમાં રાઈટિંગ કોમ્પિટિશનનું આયોજન પણ કરી શકાય છે. આ ઉપરાંત ઘરે માતા-પિતાએ પણ બાળકોને કર્સિવ રાઈટિંગની પ્રેક્ટિસ કરાવવી જોઈએ. નાનાં બાળકોને ફન એક્ટિવિટીઝની સાથે સાથે રાઈટિંગ પ્રેક્ટિસ કરાવવી જોઈએ એટલે તેમની પાસે કલર્ડ પેન્સિલથી રાઈટિંગ કરાવો કે પછી તેમને કોઈ સરસ મજાની વાર્તા લખવા જણાવો જેથી તેમને મજા પણ આવે અને તેઓ મનથી લખે. આ સિવાય તેમને હેન્ડરાઈટિંગ પ્રેક્ટિસ માટે રોજ કંઈક ને કંઈક સરસ મજાની ગિફ્ટ્સ કે ચોકલેટ્સ વગેરે આપો. આને કારણે બાળકોને પ્રોત્સાહન મળશે અને તે લખવાનો કંટાળો નહીં કરે.’ ■

ભાટી એન.
તસવીરની આરપાર
feedback@bombaysamachar.com

# છેલાજી રે! મારી સાટું પાટણથી પટોળાં મોંઘાં લાવજો



હેન્ડ વર્કથી થતું વણાટકામ આજે અમુકતમુક જગ્યાએ દૃષ્ટિગોચર થાય છે. અગાઉ વણકર સમાજ હાથેથી વણાટકામ કરતાને સાળ મશીનો ઘેર... ઘેર... નીહાળવા મળતાં, પણ આજે અત્યાધુનિક યુગ આવતા ઓટોમેટિક મશીનોથી વણાટકામ થાય છે..! તેમ છતાં આજે પણ વિશ્વવિખ્યાત પાટણમાં પ્રિયતમા માટે અતિમૂલ્યવાન પટોળાનું હાથ વણાટકામથી બને છે.!! રેશમી, મખમલી ચિતાકર્ષક ભૌમિતિક... ડિઝાઈન મહામૂલી વણાટકામ થાય છે. પટોળું એટલે એક જાતનું રેશમી વસ્ત્ર. પટોળુ સાડી તરીકે પહેરાતું થયું તે પૂર્વે સોલંકી વંશના રાજવી કુમારપાળ નિત્ય પૂજા વખતે પહેરતાં.

આશરે ૮૦૦ વર્ષ પહેલાં ઔરંગાબાદના મહાલ જાતિના લોકો પટોળાં બનાવતાં. પાટણના રાજવી પરિવારના સભ્યો પટોળાં પહેરતાં હોવાથી ૮૦૦ કુટુંબોને પાટણ વસાવવામાં આવ્યા. પટોળાંમાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ કરવામાં આવે તેમ ગ્રાહક ઈચ્છતા હોય છે. પટોળાંની ભાતમાં મુખ્યત્વે સિંહ, હાથી અને ભૌમિતિક આકૃતિઓ ઉપરાંત નારીકુંજર, ફૂલવાડી, ચોકડીભાત, તેમ જ પશુ-પક્ષીઓની આકૃતિઓ ઉપસાવાય છે. પ્રસ્તુત તસવીરમાં સાળવીભાઈઓ હાથસાળથી પટોળું તૈયાર કરતા જોઈ શકાય છે. મહિનાઓના અથાગ પરિશ્રમ બાદ બનતા કલાનયન પટોળાં માટે કહેવાય છે કે ‘પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં.’ તેનો તરજુમો કરીએ તો પટોળાંમાં જે ભાત પડી, જાય નહીં, તે પણ પટોળું જાય. પાટણની અનેક ઓળખમાંની એક અગત્યની ઓળખસમું પટોળું આજે લાખો રૂપિયામાં દેશ -વિદેશમાં વેચાય છે.

*છેલાજી રે! મારી સાટું પાટણથી પટોળાં મોંઘાં લાવજો,*
*તેમાં રૂડા મોરલીયા ચિતરાવજો છેલાજી રે! મારી સાટું*
*પટોળાં મોંઘાં લાવજો.*

પાટણનું પટોળું ચિતાકર્ષક પ્રિયતમાને પહેરાવા ધનકુબેર લોકો ખાસ ઓર્ડર આપી રળિયામણું પટોળું પહેરેતો મનમોહક પર્સનાલિટી બની જાય છે. પાટણના સાળવી પરિવાર આજે પણ ઈમ્પ્રેસ કરતી ડિઝાઈવાળા પટોળાં બનાવે છે. ને ‘હાથસાળ’નો ગૃહઉદ્યોગ જીવંત રાખેલ છે. વાચક મિત્ર આપ પાટણ જાઓ તો પટોળાં બનાવતા. ગૃહઉદ્યોગની મુલાકાત ચોક્કસ લેજો. ■

રમેશ તન્ના
નવી સવાર
feedback@bombaysamachar.com

# અનોખી સમાજ-સેવાઃ ગુજરાતમાં ગામડે ગામડે પુસ્તક પરબ કરનારાં પિતા-પુત્રી

ગુજરાતના કેળવણીકાર, સમાજસેવક, ગાંધીવાદી (સદ્ગત) પ્રતાપભાઈ પંડ્યા અને તેમના પરિવારે અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં ‘પુસ્તક પરબ’ની આગવી પ્રવૃત્તિ કરી છે. પ્રતાપભાઈનાં કાર્યોમાં તેમના દરેક પગલે અડીખમ સાથ આપનારાં એમનાં ધર્મપત્ની વડીલ રમાબહેન અને પિતાના દરેક સ્વપ્નને પોતાનો જીવનમંત્ર માનનારી આ યુગના શ્રવણ જેવી ગરવી દીકરી મનીષાબહેનનાં કાર્યો માનવતાને અજવાળે તેવાં છે.

પ્રતાપભાઈ જીવતી જાગતી સંસ્થા જેવા હતા. તેઓ માનતા કે સારાં પુસ્તકોનું વાચન સામાજિક અને વૈચારિક ક્રાંતિ લાવી શકે. આ વિચાર સાથે તેમણે ‘પુસ્તક પરબ’ એવો નવો વિચાર રજૂ કર્યો અને ગુજરાત તેમ જ અમેરિકામાં કુલ ૨૫૦ જેટલાં પુસ્તક પરબનાં કેન્દ્રો સ્વખર્ચે સ્થાપ્યાં કે જ્યાંથી લોકોને ફ્રી પુસ્તકો મળી શકે. તેમણે ૨૦૦૪થી પુસ્તક પરબની સ્થાપના કરીને ઘર પુસ્તકાલયોનો પ્રારંભ કર્યો. તેમણે અમરેલી ઉપરાંત, ભાવનગર, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ગાંધીનગર અને છેક અમેરિકામાં ઘર પુસ્તકાલયો ‘પુસ્તક પરબ’ તરીકે શરૂ કર્યાં હતાં. તેમણે ભિક્ષુ અખંડાનંદ, સયાજીરાવ ગાયકવાડ, મોતીભાઈ અમીન, મહેન્દ્ર મેઘાણી વગેરેની પંગતમાં પોતાનું નામ શોભાવ્યું. તેમણે ૨૦૦૨માં વડોદરામાં ગ્રંથની પૂજા કરી ‘પોથીયાત્રા’ પણ કાઢી હતી. ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર, ૨૦૨૦માં ‘મન કી બાત’માં પ્રતાપભાઈના આ ઇનોવેટિવ વિચારની પ્રશંસા કરી હતી.

પ્રતાપભાઈને વડીલો-વૃદ્ધોની સેવા, ગુજરાતી માતૃભાષાનું સંવર્ધન, જીવનલક્ષી કેળવણી અને સાહિત્ય સંસ્કૃતિના સંરક્ષણની ચિંતા હતી અને જીવનપર્યંત એ તેના માટે કાર્યશીલ રહ્યા. પંડ્યા પરિવારે એક કરોડથી વધુનાં પુસ્તકોના દાન ઉપરાંત અમરેલીસ્થિત શ્રવણ પ્રસાદ કેન્દ્ર નામની વૃદ્ધોને મફત ટિફિન પહોંચાડતી સંસ્થાને એક કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ ઉપરાંત અનેક સંસ્થાઓમાં તેમણે કરોડોની સખાવતો કરી છે. ગરીબ કુટુંબની દીકરીઓના કરિયાવર કર્યા છે.



પ્રતાપભાઈએ શિક્ષક તરીકે ગુજરાતનાં અનેક ગામોનું ઉત્થાન કર્યું. જીવનસાથી રમાબહેને (તેઓ પણ શિક્ષિકા) ખભેખભા મિલાવીને તેમને સાથ આપ્યો.

પ્રતાપભાઈનાં દીકરી મનીષાબહેનની એક રસપ્રદ અને પ્રેરક વાત કરીએ તો તેમને નવ માસની ઉંમરે જમણી બાજુ મસલ્સ વીકનેસ થયા ત્યારે બધાએ ધારી લીધેલું કે આ છોકરી હવે કાયમ બીજા પર આધારિત રહી અસહાય જીવન જીવશે. તે કદી સામાન્ય માણસ જેમ બોલી-ચાલી નહીં શકે.

આ ધારણા જોકે તેમનાં માતાપિતાએ સ્વીકારી નહીં. એ બન્નેએ રાત-દિવસ એક કરી મનીષાબહેનની સારવાર કરાવી. ‘કોશિશ કરીને વાલોં કી કભી હાર નહીં હોતી’ એમ પાંચ વર્ષની ઉંમરે મનીષાને તેમણે સંપૂર્ણ સાજી કરી.

મનીષાબહેન પપ્પાની જેમ જ ગણિતની ચાહક અને માતાની જેમ જ વિજ્ઞાનની ઉત્સુક, એટલે ખૂબ જ તેજસ્વી અને જિજ્ઞાસુ. આ દીકરી ટેક્નોલોજીના ક્ષેત્રે ખૂબ જ આગળ વધી. અમેરિકામાં સિલિકોન વેલીમાં અત્યારે ખૂબ જ આગળ પડતું નામ અને હોદ્દો ધરાવે છે. અમેરિકામાં ટેક્નોલોજી ખાતે મનીષાબહેનનું નામ ખૂબ જ સન્માનનીય અને women

(જુઓ પાનું ૭) ▶▶

નલિની માડગાંવકર
કવિતાની કેડીએ
nalini.madgoankar@bombaysamachar.com

# હૈયામાં છલોછલ ભરેલી સૌરભને મર્યાદા ઓળંગવા ન દેવી



### ચમેલીને ઠપકો ...

*ચટકીલી મહોરી ચમેલડી રે,*
*લૂમે ઝૂમે લટક્યાં ફૂલ લી ચમેલડી !*
*ઝાઝાં ઉછાછળાં ના થૈયે જી રે.*
*ચટકીલી મહોરી ચમેલડી રે,*
*માનભર્યાં મોઘમમાં રૈયે ’લી ચમેલડી !*
*ગોપવીએ ગોઠડીને હૈયે જી રે,*
*ખીલે સરવર પોયણી, રમે ચન્દ્ર શું રેન.*
*પરોઢનો પગરવ થતાં લાજે બીડે નેન.*
*ચટકીલી મહોરી ચમેલડી રે.*
*ઝાઝી ના ગંધ ઢોળી દૈયે ’લી ચમેલડી !*
*જોબનને ધૂપ ના હૈયે જી રે.*
*ચટકીલી મહોરી ચમેલડી રે,*
*વાયરાના વાદ ના લૈયે લી ચમેલડી !*
*ઘેર ઘેર કહેવા ના જૈયે જી રે.*
*સ્વાતિમાં સીપોણીએ જલબિન્દુ જિલાય,*
*વિશ્વ ભેદ જાણે નહીં, મોતી અમૂલખ થાય!*
*ચટકીલી મહોરી ચમેલડી રે,*
*ભમરાની શી ભૂલ ’લી ચમેલડી!*
*પોતે જો ઢંગે ના રૈયે જી રે ?*
*ચટકીલી મહોરી ચમેલડી રે,*
*રૂપનાં રખોપાં શીખી લૈ યે ’ લી ચમેલડી !*
*દૂજા ને દોષ ના દૈયે જી રે.*

– બાલમુકુન્દ દવે



કવિ બાલમુકુન્દ દવે, જાણે ફરતાં ફરતાં પુષ્પોનાં બગીચામાં આ કવિતાઓ લખી છે એવું લાગે છે. કવિતાને એ કઇ રીતે પોતાની બનાવે છે એ પણ નવાઇની વાત છે. ગીત, છંદોબદ્ધ કવિતા એ કવિ બાલમુકુન્દની કવિતાની મુખ્ય લાક્ષણિકતા છે, એમાં આ ગીત કે છંદોબદ્ધ કવિતાની પુષ્પ-કવિતા એવી એકરૂપ થઇ ગઇ છે કે પ્રભુ આવે તો પણ એને છૂટા ન પાડી શકીએ.

આ સમયની પ્રકૃત્તિ-કવિતા આવી લાક્ષણિકતા ધરાવનારી હોય છે. માનવને ઠપકો આપે એ રીતે ફૂલની આત્મીયતા પ્રગટ થઇ છે. કવિના હાથમાં આવું ચમેલીનું ગ્રુપમાં ખીલતું પુષ્પ આવી ગયું છે. વાસ્તવમાં તો ચમેલીનું ઝૂંડમાં ખીલતું પુષ્પ એ કવિનું લાડકું છે. ‘‘ચટકીલી ‘મહોરી’ કવિએ મહોરીને બદલે જો ‘મોરી’ મૂક્યું હોત તો? આખો અર્થ જ બદલાઇ જાત. ચમેલીનાં પુષ્પો ‘લૂમેઝૂમે’ અર્થાત્ ચમેલીની વેલી પર નાચી રહ્યાં છે. ચમેલીને લૂમેઝૂમે કહેવું એ પણ ચમેલીનો ચટકો કવિને કેવો લાગ્યો છે એની પ્રતીતિ કરાવે છે. કવિએ લખ્યું છે તો ફૂલને માટે પરંતુ એનું રજેરજ માનવને લાગુ પડે છે. ‘ઉછાછળાં’ પોતાના ભીતરને પુષ્પને બહાને પ્રગટ કરે છે. અર્થાત્ હૈયાની વાત હૈયામાં જ સમાવવાની છે.

સન્માન એ તો માનવ સમાજનું પ્રધાનતત્ત્વ છે. કવિએ જાણે પુષ્પમાં આ સમજણ મૂકી છે. હૈયાની વાત તો હૈયાની સીમા સુધી જ આવવા દેવી. આ પોયણી પણ ચંદ્ર સાથે રમી રહી છે છતાં એક ઉંહકારો પણ કાઢયો નથી.

‘પરોઢનો પગરવ’ અર્થાત્ પરોઢિયું. આનું નામ કવિતા. અર્થાત્ ગદ્યમાં જે શબ્દો સામાન્ય લાગતા હોય એ પદ્યમાં તો રૂપાળા લાગતા હોય છે. પોતાના હૈયામાં સૌરભ છલોછલ ભરેલી હોય તો એને હૈયાની મર્યાદા ન ઓળંગવા દેવી.

વાયરો તો પોતાની વાત ઘરોઘર જઇને કહે છે. એવા વધુ પડતા બોલકા ન થઇએ. વાસ્તવમાં તો શબ્દેશબ્દ એમણે માનવ માટે યોજ્યા છે. ‘ચટકીલી’ શબ્દનું પુનરાવર્તન ચમેલી સાથે જોડાયેલી રસિકતાને પ્રગટ કરે છે.

કવિ બાલમુકુન્દે ચમેલીની હેતભરી હૈયાની સૌરભ સાથે માનવ યોગ્ય ઠપકો પણ આપ્યો છે.

સ્વાતિ નક્ષત્રમાં બિંદુ ઝીલાય છે. અમે એ બિંદુ સાક્ષાત્ મોતીની જેમ ઝગમગે છે. આનો ભેદ પામવો વિશ્વ માટે અઘરો છે. જલબિન્દુનું પરિવર્તન અમૂલખ મોતીમાં થયું છે. ‘ભમરાની ભૂલ’ સુધી આ કવિતા પ્રગટ થઇ છે. આમાં ભૂલ ચટકીલી ચમેલીની જ કાઢે છે. કારણ વિવેક બુદ્ધિ એ કંઇ નર્યો માનવનો જ અધિકાર નથી. ચમેલીમાં આવો નર્યો વિવેક ભળેલો છે. એ દરવાજાની બહાર પોતાની સૌરભ ફેલાવી રહી છે.

આ કવિતામાં કવિએ જાણે શબ્દોને ધોઇ ધોઇને પ્રગટ કર્યાં છે. ઉદાહરણ તરીકે... ‘‘રૂપનાં રખોપાં’’ કઇ રીતે કરવાં એની તરકીબ માનવ પાસે છે એટલી ફૂલ પાસે પણ છે. બીજાને દોષ દેતાં પહેલા કવિએ આ ‘‘ચટકીલી ચમેલી’’ ને વિવેકનો પાઠ ભણવા કહ્યું છે. અન્ય ભાષાનો શબ્દ કવિએ સહજ ભાવે વાપર્યો છે : ‘દૂજો’ શબ્દ સારી પ્રતીતિ કરાવે છે.

કવિ બાલમુકુન્દ દવેની કેટલીક પંક્તિઓ સાક્ષાત્ ‘ફૂલગજરા’ જેવી છે, એમાં નીચેની પંક્તિઓનો સમાવેશ અનિવાર્ય છે :

*‘વણવાવ્યો ને વણસીંચ્યો*
*મારા વાડામાં ઘર પછવાડ રે,*
*મોગરો મોર્યો મોર્યો રે.’* ■